જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૨/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૭૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૩૪	૮	૧૧૨૪૨	૧૭૩૬૬	૮	૧૭૩૭૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૬૩	૧	૨૮૮૬૪	૩૦૧૬૨	૪	૩૦૧૬૬
કુલ		૪૪૮૬૮	૯	૪૪૮૭૭	૫૪૦૨૯	૧૨	૫૪૦૪૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૫	૧૨,૧૫,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૨	૧,૮૨,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન “વાહન ચોરીના” બે આરોપીઓને કુલ્લે રૂ.૮૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા સર્વેલંસ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના “પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા” નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંન્સ સ્કવોડના માણસો પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન સાથેના એલ.આર.મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ નાઓની સયુંક્ત બાતમી હકીકત આધારે નરોડા સુતરના કારખાના ખાતેથી આરોપી નામે (૧) ઇમરાનખાન અનવરખાન પઠાણ ઉ.વ-૩૭ ધંધો-વેપાર રહે મ.નં-૨૨૩૭,ભુતની આંબલી,ગુંદીવાસ,આસ્ટોડીયા દરવાજાની પાસે,ખાડીયા, અમદાવાદ શહેર +૧=૨ નાને પકડી તેઓનો પુર્વ ઇતીહાસ પોકેટ કોપમાં ચેક કરતાં ગુનાહીત ઇતીહાસ જાણાઇ આવતાં પુછપરછ કરતાં “નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૦૨૫૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામે ચોરાયેલ કાર ચોરી કરી લઇ ગયેલાની કબુલાત કરતાં તેઓની પાસેથી મારૂતી સુજુકી ફંટી નં-જી.જે-૦૮-એફ-૭૦૧૫ કિ રૂ ૨૫,૦૦૦/- ની તથા સદર ફંટી ચોરવામા ઉપયોગ કરેલ ટાટા સફારી ગાડી કિ રૂ ૫૦,૦૦૦/- ની તથા મોબાઇલ નંગ-૨ કિ રૂ ૧૦,૦૦૦/- એમ કુલ્લે રૂ ૮૫,૦૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી તા.૧૦/૦૨/૨૦૨૧ ના કલાક ૧૪/૩૦ વાગે ઉપરોક્ત ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૧૦/૦૨/૨૦૨૧.

આરોપીઓના નામ -

(૧) ઇમરાનખાન અનવરખાન પઠાણ ઉ.વ-૩૭ ધંધો-વેપાર રહે મ.નં-૨૨૩૭,ભુતની આંબલી,ગુંદીવાસ, આસ્ટોડીયા દરવાજાની પાસે,ખાડીયા, અમદાવાદ શહેર

(૨) વિક્રમસિંહ ગોપાલસિંહ રાઠોડ ઉ.વ-૪૩ ધંધો-વેપાર રહે મ.નં-૧૫,ભુલાભાઇ પાર્ક સોસાયટી,નવયુગ સોસા સામે,બહુચર માતાના મંદિર પાસે,ગીતામંદિર રોડ,કાગડાપીઠ,અમદાવાદ

મુદ્દામાલ મારૂતી સુજુકી ફંટી નં-જી.જે-૦૮-એફ-૭૦૧૫ કિ રૂ ૨૫,૦૦૦/- ની તથા સદર ફંટી ચોરવામા ઉપયોગ કરેલ ટાટા સફારી ગાડી નં-જી.જે-૧-કે.બી-૨૦૨૭ કિ રૂ ૫૦,૦૦૦/- ની તથા મોબાઇલ નંગ-૨ કિ રૂ ૧૦,૦૦૦/- એમ કુલ્લે રૂ ૮૫,૦૦૦/- નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો.કિરણ કલપ્પા બ.નં.૮૪૫૨ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કો.પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો.પંકેશ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો. વિજયકુમાર ખોડીદાસ બ.નં.૧૦૦૯૦ તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર.મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૧૪૭૦. તથા એલ.આર.અભીશેક અશ્વીનકુમાર બ.નં.૭૦૦૫.





લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન

લુંટના ગુનામાં સંડોવાયેલ આરોપીને મુદામાલ સાથે પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલતી સોલા હાઇકોર્ટ પોલીસ.

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મીલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તેમન વાહન ચોરીના ગુનાઓ શોધી કાઢવા કરેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ બનાવેલ ટીમને ટુંક સમયમાં બનેલ લુંટના બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડના પો.કો. મહાવિરદાન નટવરદાન તથા પો.કો. રઘુવિરભાઇ જગુભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે નીચે જણાવેલ આરોપીને મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપી:

સાબીર બાબુભાઇ પટેલ (મુસ્લીમ) ઉ.વ.૪૮ રહે.મકાન નં-૪, સંજરીપાર્ક સોસાયટી, ઉસ્માન હારૂનની સોસાયટીની બાજુમાં, વેજલપુર, અમદાવાદ.

મુદામાલ રિકવર:

રોકડ રૂ.૧૦,૦૦૦/-, ચપ્પુ, મો.ફોન નંગ-૧ કિ.રૂ.૫૦૦/- તેમજ એક્ટીવા કિ.રૂ.૪૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫૦,૫૦૦/-

શોધાયેલ ગુનો:

(૧) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.પાર્ટ-એ-૧૧૧૯૧૦૪૫૨૧૦૧૨૨ ધી ઇપીકો કલમ ૩૯૨, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એમ.જે.હુણ તથા સર્વલન્સ સ્કોડના પો.કો. હેમરાજસિંહ માનસિંહ, પો.કો. મહાવિરદાન નટવરદાન, પો.કો. રઘુવિરભાઇ જગુભાઇ, લોકરક્ષક દેવેન્દ્રદાન પ્રભુદાન, વુ.લોકરક્ષક ભારતીબેન મસરીભાઇ તથા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો જોડાયેલા હતા.

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૧)

પ્રોહીબીશનના ત્રણ ગુનાઓમાં નાસતા ફરતા આરોપી નાઓને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મહે.પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર નાઓએ હાલમાં નાસતા ફરતા આરોપી પકડવા અંગેની ડ્રાઇવ અનુસંધાને મહે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબશ્રી નાઓએ રાખેલ સ્પેશ્યલ ડ્રાઇવ અનુસંધાને તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રી એ.જે.ચૌહાણ સાહેબ નાઓના સીધા દેખરેખ હેઠળ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૯/૦૨/૨૦૨૧ ના કલાક.૧૯/૦૦ વાગે દરમ્યાન ફરતા-ફરતા કલાક,૨૦/૧૫ વાગે જી.ડી.રોડ ત્રણ રસ્તા હનુમાનજીના મંદિર પાસે આવતા સાથેના **લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩** નાઓની ખાનગી બાતમી હકિકત આધારે નં-(૧)**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ.સી.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૦૧૬૩૫/૨૦૨૦ તા,૨૭/૦૬/૨૦૨૦ ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ તથા નં-(૨)ડી.સી.બી પો.સ્ટે પાર્ટ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૧૨૦૦૦ ૩૨/૨૦૨૦ પ્રોહી કલમ-૬૫(એ.ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબના તથા નં-(૩)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૧૩૭/૨૦૧૬ પ્રોહી કલમ-૬૬.૧(બી),૬૫.એ.ઇ,૧૧૬(બી),૮૧ મુજબના** ગુન્હાઓના કામના આરોપી મનોહરસિંહ ઉર્ફે વિરેન્દ્ર ઉર્ફે વિરૂ સ/ઓ ઓમપ્રકાશ ગુમાનસિંહ જાતે રાજપૂત ઉ.વ.૩૯(જન્મ તા.૨૫/૦૭/૧૯૮૧) ધંધો-વેપાર રહે-મ.ન.૨૩,ખોડીયાર જ્યોત સોસાયટી ગાયત્રી સોસાયટી સામે કુબેરેશ્વર મહાદેવ સૈજપુર બોઘા નરોડા રોડ કૃષ્ણનગર અમદાવાદ શહેર હાલ રહે,મ.નં-૫૪,પાર્થ બેંગ્લોઝ તુલસી પાર્ક ની સામે નાના ચિલોડા અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-ચાંદન કી પોખરીયા તા.રાજાખેડા જીલ્લો-ધોલપુર રાજય-રાજસ્થાન નાઓ અલગ-અલગ ગુન્હાઓમાં છેલ્લા પાંચ તથા બે વર્ષથી સદર ગુન્હાઓમાં નાસતો ફરતો હોય જેઓને સૈજપુર ટાવર ખાતે જાહેર રોડ ઉપરથી પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૧૦/૦૨/૨૦૨૧

આરોપીનું નામ :

મનોહરસિંહ ઉર્ફે વિરેન્દ્ર ઉર્ફે વિરૂ સ/ઓ ઓમપ્રકાશ ગુમાનસિંહ જાતે રાજપૂત ઉ.વ.૩૯(જન્મ તા.૨૫/૦૭/૧૯૮૧) ધંધો-વેપાર રહે-મ.ન.૨૩,ખોડીયાર જ્યોત સોસાયટી ગાયત્રી સોસાયટી સામે કુબેરેશ્વર મહાદેવ સૈજપુર બોઘા નરોડા રોડ કૃષ્ણનગર અમદાવાદ શહેર હાલ રહે,મ.નં-૫૪,પાર્થ બેંગ્લોઝ તુલસી પાર્ક ની સામે નાના ચિલોડા અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-ચાંદન કી સપોખરીયા તા.રાજાખેડા જીલ્લો-ધોલપુર રાજય-રાજસ્થાન

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની ટીમના માણસો એ.એસ.આઇ અશ્વિનકુમાર રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧



કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૨)

દોઢ વર્ષથી પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપી નાઓને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મહે.પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર નાઓએ હાલમાં નાસતા ફરતા આરોપી પકડવા અંગેની ડ્રાઇવ અનુસંધાને મહે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબશ્રી નાઓએ રાખેલ સ્પેશ્યલ ડ્રાઇવ અનુસંધાને તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રી એ.જે.ચૌહાણ સાહેબ નાઓના સીધા દેખરેખ હેઠળ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો આજરોજ તા.૧૦/૦૨/૨૦૨૧ ના કલાક.૨૨/૦૫ વાગે દરમ્યાન ફરતા-ફરતા કલાક,૨૦/૧૫ વાગે હરિદર્શન ચાર રસ્તા પાસે આવતા સાથેના **લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧** નાઓની સયુકત ખાનગી બાતમી હકિકત આધારે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં-૫૪૫૪/૨૦૧૯ ધી પ્રોહી.કલમ-૬૫(એ.ઇ),૮૧,૧૧૬(બી),૯૮(૨),૮૩ મુજબના ગુન્હાના કામના આરોપી રામલખન સ/ઓ રામદેવ રામનારાયણ જાતે શર્મા ઉ.વ.૩૨(જન્મ તા.૧૫/૦૩/૧૯૮૯) ધંધો-સીલાય કામ રહે-મ.નં-૩૬,લક્ષ્મી સોસાયટી વસ્ત્રાલ આર.ટી.ઓ.પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા મ.નં-૫૨,સંતોષનગર વિક્રમ મીલ પાસે સરસપુર ગોમતીપુર અમદાવાદ શહેર હાલ રહે,મ.નં-જી/૨૦૨,અમ્રપાન સોસાયટી ઔડાના મકાન સાસ્તાન સર્કલ પાસે કઠવાડા નિકોલ અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-રાયબરેલી તા.અમેઠી જીલ્લો-મહારાજગંજ રાજય-ઉત્તરપ્રદેશ નાઓ છેલ્લા દોઢ વર્ષથી સદર ગુન્હામાં નાસતો ફરતો હોય જેઓને હરિદર્શન ચાર રસ્તા પાસે જાહેર રોડ ઉપરથી પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૧૦/૦૨/૨૦૨૧

આરોપીનું નામ

રામલખન સ/ઓ રામદેવ રામનારાયણ જાતે શર્મા ઉ.વ.૩૨(જન્મ તા.૧૫/૦૩/૧૯૮૯) ધંધો-સીલાય કામ રહે-મ.નં-૩૬,લક્ષ્મી સોસાયટી વસ્ત્રાલ આર.ટી.ઓ.પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા મ.નં-૫૨,સંતોષનગર વિક્રમ મીલ પાસે સરસપુર ગોમતીપુર અમદાવાદ શહેર હાલ રહે,મ.નં-જી/૨૦૨,અમ્રપાન સોસાયટી ઔડાના મકાન સાસ્તાન સર્કલ પાસે કઠવાડા નિકોલ અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-રાયબરેલી તા.અમેઠી જીલ્લો-મહારાજગંજ રાજય-ઉત્તરપ્રદેશ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની ટીમના માણસો એ.એસ.આઇ અશ્વિનકુમાર રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧



પાસા અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૨૮૯/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૨૪ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૨૧૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૨૭, ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૨૪૫/૨૦૨૧ તા.૧૦/૦૨/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૧૦/૦૨/૨૦૨૧ ના કલાક-૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૧૦/૦૨/૨૦૨૧

આરોપીનુ નામ -

"સુનિલ ઉર્ફે પાયલોટ ગલાજી ઠાકોર ઉ.વ.૩૦ રહે:શકિતનગર વ્યાસવાડી કેનાલ પાસે નરોડા અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

ભાગોળ ચોકી પો.સ.ઇ. ડી.કે.મોરી તથા હે.કો.કમલેશગીરી રમેશગીરી બ.નં.૪૨૦૨ તથા લોકરક્ષક અનિલ કલસીંગભાઇ બ.નં.૧૧૩૯૯ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



ચાંદખેડા પોલીસ સ્ટેશન

મિલ્કત સંબંધી પાસા અટકાયત

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા સારૂ આવા ગુનાઓ આચરતા ઇસમો વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવા સુચના કરેલ હોય જે અંગે ચાંદખેડા પોલીસ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૦૧૨૩૭/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૮૦ મુજબના ગુનાઓમાં પકડાયેલ આરોપી નયનકુમાર ઉર્ફે આકાશ ઉર્ફે ઢેબો સ/ઓ ભાઇજીભાઇ મંગાજી ઠાકોર ઉ.વ.૨૧ ધંધો-સર્કસ રહે, ગાભુભાઇના મકાનમાં, વિસત પેટ્રોલ પંપ પાછળ, લક્ષ્મીનગર, નર્સરી, વિસત, ચાંદખેડા અમદાવાદ શહેર મુળવતન ગામ-ઠાકોરવાસ, જગુદણ તા.જી.મહેસાણા નાનો પોતાના સાગરીતો સાથે મળી અમદાવાદ શહેરમાં તથા ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોબાઇલ ફોનની ચોરી કરતો હોય જેને પકડી ચોરીએ ગયેલ મુદ્દામાલ રિકવર કરી તેમજ સદરીના ગુનાહીત ઇતિહાસ બાબતે અમારી પાસેના મોબાઇલ પોકેટ કોપ મારફતે મોબાઇલ ફોનમાં Accused search મારફતે સર્ચ કરતાં તેના વિરૂધ્ધમાં અત્રેના પો.સ્ટે. ખાતે અન્ય ગુનાઓ સ્ટેશન (૧) ચાંદખેડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૮/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (૨) ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૦૧૧૯૨/૨૦૨૦ ઈપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાઓ દાખલ થયેલ હોય જેથી સદરી ઇસમ વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૨૪૩/૨૦૨૧ તા.૧૦/૦૨/૨૦૨૧ થી સદરી આરોપીને રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૧૦/૦૨/૨૦૨૧ કલાક ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપેલ છે. તા.૧૦/૦૨/૨૦૨૧

કામગીરી કરનાર

(૧) હે.કો. નિખિલેશ દિપકકુમાર બ.નં.૮૫૩૯

(૨) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



અમરાઈવાડી પોલીસ સ્ટેશન

મિલકત સબંધી ગુનામાં એક આરોપીની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓએ પાસા,તડીપાર,વોન્ટેડ આરોપીઓ પકડવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર ડી.બી.મહેતા સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ આર.જી.બાવા તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના એલ.આર અલ્પેશકુમાર ઘનશ્યામભાઇ નાઓની બાતમી આધારે અત્રેના પોલીસ સ્ટેશનના મિલકત સબંધી ગુનાના કામે પાસા અટકાયતી સાજીદ @ કુબડો સીદીકભાઇ મન્સુરી ઉ.વ.૩૯ ધંધો મજુરી રહે,મ.નં.૬૫ અઝાદનગર રો-હાઉસ ખજુરીના ઝાડ પાસે બેરેલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને સ્વસ્તિક ચાર રસ્તા પાસેથી પકડી અત્રેના પો.સ્ટે લાવી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં પીસીબી/ડિટીએન/પાસા/૨૪૧/૨૦૨૧ ના હુકમની બજવણી કરી પાસા અટકાયતી તરીકે આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે મોકલી આપવા તજવીજ કરેલ છે

કામગીરી કરનાર કર્મચારી

(૧) હે.કો દોલાભાઇ વેલાભાઇ બ.નં.૯૮૫૫ (૨) એલ.આર શરદકુમાર અમથાભાઇ બ.નં.૧૩૫૮
(૩) એલ.આર હર્ષદભાઇ ભીખાભાઇ બ.નં.૧૪૨૭



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૭૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૧૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૬,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૭૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૨૭૮/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ સંદિપભાઈ કેશવલાલ પ્રજાપતિ (ઉ.વ.૩૮)(રહે.સાંદિપની સોસાયટી, ભાઈકાકાનગર પાછળ થલતેજ) એ તા.૧૦/૦૨/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રમણભાઈ ભોળીદાસ પટેલ તથા તેમના પુત્ર (૨) મોનાંગ રમણભાઈ પટેલ અને (૩) પ્રિયેશ રમણભાઈ પટેલ (ત્રણેય રહે, પોપ્યુલર બંગ્લોઝ સેટેલાઇટ) એ ભેગા મળી સિંધુ ભવન રોડ ખાતે આવેલ તેમની જમીનમાં "એસ.બી.આર.સોશીયલ"ના નામથી ફુડકોર્ટ સંદિપભાઇની દેખરેખમાં બનાવડાવી, બાદમાં સંદિપભાઇને ફુડકોર્ટમાં સુપરવાઇઝર તરીકે રાખી, નકકી કર્યા મુજબના સંદિપભાઇના મહેનતાણાના રૂપિયા ૧૨,૩૦,૦૦૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

સરદારનગરઃ જયશ્રીબા અનિરૂધ્ધસિહ ગોહિલ (ઉ.વ.૫૭)(રહે.વિશ્વામ ફ્લેટ નવરંગપુરા) એ તા.૧૦/૦૨/૨૦૨૧ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૮/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા ભગત પેટ્રોલીયમ સર્વીસના ભાગીદાર આરોપી (૧) પ્રવિણભાઇ રવાભાઇ રબારી (૨) મહેશભાઇ રવાભાઇ રબારી અને (૩) જયેશભાઇ રવાભાઇ રબારી (તમામ રહે, હરિદ્વાર સોસાયટી સ્તલુજ હોટલ પાછળ નરોડા) એ ભેગા મળી જયશ્રીબા તથા તેમના પરિવાર ને "નરોડા ભગત પેટ્રોલીયમ સર્વીસ" નામના પેટ્રોલપંપ ઉપર બોલાવી, તેમના પરીવારના સભ્યોને વિશ્વાસમાં લઇ "ભગત પેટ્રોલીયમ સર્વિસમાં ભાગીદાર બનાવશે" તેમ કહી, ભાગીદારી પેટે ડીડ બનાવી, જયશ્રીબા તથા તેમના પરીવારના સભ્યો પાસેથી અલગ-અલગ સમયે કુલ રૂપિયા ૭૦,૯૪,૯૫૦/- પોતાના બેક ખાતામાં મેળવી લઈ, જયશ્રીબાને ભાગીદાર નહી બનાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એમ.સોલંકી ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૨૭૯/૨૦૨૧**

ઓઢવઃ ભાવિનભાઈ રમેશભાઈ મહેતા (ઉ.વ.૪૬)(રહે.આર્ષ એપાર્ટમેન્ટ, રત્નાકર-૨ ફલેટ પાસે, જોધપુર સેટેલાઈટ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૧ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ સીંગરવા શાક માર્કેટ નજીકથી ભાવિનભાઈ મહેતા પોતાની કાર ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષે ભાવિનભાઇને કહેલ કે "ઈનોવા ગાડીના બોનેટના ભાગેથી ઓઈલ નીકળે છે" તેમ કહેતા ભાવિનભાઇ કાર ઉભી રાખી ઓઈલ ચેક કરતા હતા ત્યારે ભાવેનભાઈની નજર ચુકવી ગાડીમાંથી બેગ ચોરી કરી લઈ નાસી ગયા હતા. બેગમાં અગત્યના દસ્તાવેજો અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૨૮૦/૨૦૨૧**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ખુમાસિંગભાઈ ગજાભાઇ નિસરતા (ઉ.વ.૫૧) (રહે.ક્રિરી કંપનીની બાજુમાં મેલડી માતાના મંદિર સામે વટવા જી.આઇ.ડી.સી. ફેઝ-૨) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૧ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી. ફેઝ-૨ ક્રિઓન કંપની સામે ટાટા ૪૦૭ ગાડી નંબર જીજે.૦૭.વાયઝેડ.૨૨૨૫ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ખુમાસિંગભાઇની દોઢ વર્ષની પૌત્રી લક્ષ્મીબહેન બાબુભાઇ નીસરતાને ટકકર મારતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી